




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૨૦ | ૧૦ જુલાઈ, ૨૦૨૧, શનિવાર; જયેષ્ઠ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં ૧૫૦૦ ઓક્સિજન પ્લાન્ટ ઊભા કરાશે

**કોરોનાની ત્રીજી લહેરના સામના માટે સરકાર સજ્જ : વડાપ્રધાન મોદીએ દેશમાં ઓક્સિજન સપ્લાય વધારવા માટે સબંધિત વિભાગોના અધિકારીઓ સાથે બેઠક યોજી**




નવી દિલ્હી, તા.૯

કોરોનાની ત્રીજી લહેર આવે તો તેને પહોંચી વળવા માટેની તૈયારીઓ શરુ કરી દેવાઈ છે.જેના ભાગરુપે આજે પીએમ નરેન્દ્ર મોદીએ દેશમાં ઓક્સિજન સપ્લાય વધારવા માટે સબંધિત વિભાગોના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં અધિકારીઓએ પીએમ મોદીને પ્રેશર સ્વિંગ એબ્સોપર્શન ઓક્સિજન પ્લાન્ટ અંગે જાણકારી આપીને કહ્યુ હતુ કે, દેશના દરેક જિલ્લામાં આવા પ્લાન્ટ લાગી રહ્યા છે અને કુલ ૧૫૦૦ પ્લાન્ટ સેટ અપ કરવામાં આવશે.પીએમ કેર ફંડની સહાયથી આ પ્લાન્ટ લગાવાઈ રહ્યા છે.આ પ્લાન્ટ કાર્યરત થશે એટલે દેશમાં કુલ ચાર લાખ બેડ સુધી ઓક્સિજન સપ્લાય પહોંચશે.

પીએમ મોદીએ અધિકારીઓને કહ્યુ હતુ કે, વહેલી તકે આ પ્લાન્ટ કાર્યરત થઈ જાય તે પણ જરુરી છે.આ માટે અધિકારીઓ સબંધિત રાજ્ય સરકારો સાથે વાત કરે.દરેક જિલ્લામાં પ્લાન્ટના ઓપરેશન માટે નિષ્ણાત વ્યક્તિઓની પણ નિમણૂંક કરવામાં આવે.

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં કોમન સિવિલ કોડ જરૂરી : હાઈકોર્ટ

**આર્ટિકલ ૪૪ ના આધારે દિલ્હી હાઈકોર્ટ દ્વારા તરફેણ : ભારતીય સમાજ એકરૂપ બની રહ્યો છે, સમાજમાં જાતિ, ધર્મ અને સમુદાયને લગતા અવરોધો ભૂંસાઈ રહ્યા છે**

નવી દિલ્હી, તા.૯

દિલ્હી હાઈકોર્ટે યુનિફોર્મ સિવિલ કોડ અંગે મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. કોમન સિવિલ કોડની તરફેણ કરતાં દિલ્હી હાઈકોર્ટે અવલોકન કર્યું છે કે ભારતીય સમાજ હવે એકરૂપ બની રહ્યો છે. અદાલતે કહ્યું કે સમાજમાં જાતિ, ધર્મ અને સમુદાયને લગતા અવરોધો ભૂંસાઈ રહ્યા છે. કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસ પ્રતિભાસિંહે આ મામલે મહત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. જેમાં બંધારણના આર્ટિકલ ૪૪ ના અમલીકરણ અંગે સુપ્રીમ કોર્ટના નિર્ણયનો ઉલ્લેખ કરતાં કોર્ટે કહ્યું કે કેન્દ્ર સરકારે તેના અનુસાર કાર્યવાહી કરવી જોઈએ.

સુપ્રીમ કોર્ટ દ્વારા વર્ષ ૧૯૮૫ માં જાહેર કરવામાં આવેલા નિર્દેશને ટાંકીને હાઈકોર્ટે નિરાશા વ્યક્ત કરી હતી કે ત્રણ દાયકા બાદ પણ તેને ગંભીરતાથી લેવામાં નથી આવ્યો. તાજેતરમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ એસ.એ. બોબડેએ પણ ગોવાના યુનિફોર્મ સિવિલ કોડની પ્રશંસા કરી હતી. સીજેઆઈ તરીકે ગોવામાં હાઈકોર્ટ બિલ્ડિંગના ઉદ્‌ઘાટન સમયે તત્કાલીન મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે ગોવા પાસે પહેલાથી જ એક સમાન નાગરિક સંહિતા છે જેની કલ્પના આપણાં બંધારણના ઘડવૈયાઓ દ્વારા કરવામાં આવી હતી. જો કે, ચાલો અત્યારે આપણે જાણીએ કે બંધારણના આર્ટિકલ ૪૪ માં એવું શું છે, જેનો ઉલ્લેખ દિલ્હી હાઈકોર્ટે કર્યો છે...

બંધારણનો ભાગ ચાર રાજ્ય એટલે કે સરકારના નીતિ નિર્દેશક સિદ્ધાંતોનું વર્ણન કરે છે. બંધારણની કલમ ૩૬ થી ૫૧ દરમિયાન રાજ્યને વિવિધ મહત્વના મુદ્દાઓ પર સૂચનો આપવામાં આવ્યા છે અને અપેક્ષા પ્રગટ કરવામાં આવી છે કે રાજ્ય તેની નીતિઓ નક્કી કરતી વખતે આ નિર્દેશોમાં આપવામાં આવેલા સિદ્ધાંતોને ધ્યાનમાં રાખશે. તેમાં જ આર્ટિકલ ૪૪ દેશની સરકારને યોગ્ય સમયે આવ્યે બધા ધર્મો માટે સમાન નાગરિક સંહિતા

# ઢાકાની ફેક્ટરીમાં ભીષણ આગથી બાવન જીવતા ભડથું

**૩૦થી વધુ લોકો ઘાયલ, ૨૫ લોકોને ફેક્ટરીની છત પરથી બચાવાયા આ ફેક્ટરીમાં નૂડલ્સ, ફ્રૂડ જ્યુસ અને કેન્ડી બનાવવામાં આવતી હતી, ત્રીજા માળે લાગેલી આગ જોતજોતાંમાં છઠ્ઠા માળે પહોંચી**



ઢાકા, તા.૯

બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં આવેલી એક ફેકટરીમાં ભીષણ આગ લાગતા ઓછામાં ઓછા ૫૨ લોકોનાં મોત થયા છે અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. જો કે, ઘટના ગુરૂવારની છે પણ શુક્રવારે આ સમાચાર સામે આવ્યાં છે. પ્રાપ્ત વિગતો મુજબ, નારાયણગંજના રૂપગંજમાં આવેલી છ માળની બિલ્ડીંગની એક ફેકટરીમાં આગ લાગી હતી. ઘટનાના પગલે ફાયર વિભાગ અને પોલીસ પહોંચી હતી. ફાયર વિભાગે ૫૨થી વધુ લોકોનાં મૃતદેહ પણ બહાર કાઢ્યાં છે.

બચાવ કાર્ય સાથે જોડાયેલાં ડેપ્યુટી ડિરેક્ટર દેવાશીષ વર્ધને કહ્યું કે, બિલ્ડીંગના ચોથા માળે જ ૪૯ જેટલાં મૃતદેહ કાઢવામાં આવ્યાં છે. જે બાદ મૃતકોની સંખ્યા ૫૨ થઈ ગઈ. તેઓએ જણાવ્યું કે, મૃતદેહ એટલા બળી ગયા હતા કે તેમને ઓળખવા પણ મુશ્કેલ છે. જેથી મૃતદેહોને તેમના પરિવારજનોને સોંપવામાં પણ મુશ્કેલી પડી રહી છે. ડીએનએ તપાસ કરવાની જરૂરી પડી શકે છે.

ફાયર વિભાગ દ્વારા આગ પર કાબૂ મેળવવા પ્રયાસ કર્યો છે. કહેવાય છે કે, આ બિલ્ડીંગમાં મોટી સંખ્યામાં જ્વલનશીલ પોલીથીન, ઘી અને અન્ય ચીજવસ્તુઓ હતી. જેના કારણે આગ વિકરાળ બની હતી. ઘટનાના પગલે મૃતકોના પરિવારના લોકોએ ઘટના સ્થળની બહાર ધરણાં

● અનુસંધાન પાન-૭ પર

# વોટ્‌સએપની નવી પ્રાઈવસી પોલિસી પર સ્વૈચ્છિક રોક

**દિલ્હી હાઇકોર્ટમાં સુનાવણી : અમે પ્રાઇવસી પોલિસી સ્વીકારવા યુઝર્સને ફરજ નહીં પાડીએ : વ્હોટસએપ**

ન્યુ દિલ્હી,તા.૯

વોટ્‌સએપની નવી પ્રાઈવસી પોલિસી અંગે દાખલ થયેલી અરજી પર દિલ્હી હાઈકોર્ટમાં આજે સુનાવણી થઈ. આ દરમિયાન વોટ્‌સએપે કોર્ટને જણાવ્યું કે તેણે નવી પ્રાઈવસી પોલિસીને હાલ પોતાની ઈચ્છાથી હોલ્ડ પર રાખી છે.

વોટ્‌સએપે કહ્યું કે જ્યાં સુધી ડેટા પ્રોટેક્શન બિલ લાગૂ ન થઈ જાય ત્યાં સુધી કંપની પોતાના યૂઝર્સને નવી પ્રાઈવસી પોલિસી સ્વીકારવા માટે મજબૂર કરશે નહીં. આ સાથે જ કંપનીએ એમ પણ જણાવ્યું કે પ્રાઈવસી પોલિસી નહીં માનનારા ગ્રાહકો પર હાલ કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ કે રોક પણ લગાવવામાં આવશે નહીં.

દિલ્હી હાઈકોર્ટે વોટ્‌સએપ અને તેની પેરેન્ટ કંપની ફેસબુકની એક અરજી પર સુનાવણી ચાલુ હતી. જેમાં કોર્ટે નવી પ્રાઈવસી પોલિસી વિરુદ્ધ ઝઝૈંની તપાસમાં હસ્તક્ષેપ કરવાનો ઈક્કાર કરી દીધો હતો. વાત જાણે એમ છે કે ૨૩ જૂનના રોજ દિલ્હી હાઈકોર્ટની એકલ પીઠે વોટ્‌સએપની નવી પ્રાઈવસી પોલિસીની તપાસ મામલે ફેસબુક અને મેસેજિંગ એપ પાસે કેટલીક સૂચના માંતી સીસીઆઈની નોટિસ પર રોક લગાવવાનો ઈક્કાર કરી દીધો હતો.

સુનાવણી દરમિયાન દિલ્હી હાઈકોર્ટે વોટ્‌સએપને કહ્યું કે તમારા વિરુદ્ધ આરોપ છે કે તમે ડેટા ભેગો કરીને તમારી બીજી કંપનીઓને આપવા માંગો છો, પરંતુ તમે બીજી પાર્ટીની સહમતિ વગર આમ કરી શકો નહીં.

# નવા રેલવે મંત્રીએ સ્ટાફનો કામ કરવાનો સમય બદલ્યો

**નવા રેલવે મંત્રી એક્શનમાં : રેલવે મંત્રીનો સ્ટાફ ૨ શિફ્ટમાં કામ કરશે : સ્ટાફ સવારે ૭ વાગ્યાથી લઈને રાતે ૧૨ વાગ્યા સુધી કામ કરશે**

નવી દિલ્હી, તા.૯

નરેન્દ્ર મોદી સરકારમાં નવા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ગુરુવારે પોતાનો કાર્યભાર સંભાળ્યો. કાર્યભાર સંભાળતા જ રેલવે મંત્રીએ સૌથી પહેલા પોતાના સ્ટાફનો કામ કરવાનો સમય બદલી નાખ્યો. મળતી માહિતી મુજબ રેલવે મંત્રીનો સ્ટાફ હવે ૨ શિફટમાં કામ કરશે. આ સ્ટાફ સવારે ૭ વાગ્યાથી લઈને રાતે ૧૨ વાગ્યા સુધી કામ કરશે.

રેલવે મંત્રાલયના અધિકારીઓનું કહેવું છે કે હાલ આ આદેશ ફક્ત રેલવે મંત્રીના કાર્યાલયના અધિકારીઓ અને કર્મચારીઓ માટે છે. જો કે આગળ તેનો વિસ્તાર થઈ શકે છે. અત્રે જણાવવાનું કે પૂર્વ નોકરશાહ અશ્વિની વૈષ્ણવે બુધવારે મંત્રી પદના શપથ લીધા હતા. તેમને રેલવે મંત્રાલયની સાથે સાથે Information and Technologyની પણ જવાબદારી અપાઈ છે.

નોંધનીય છે કે આ અગાઉ રેલવે મંત્રાલયની જવાબદારી પિયુષ ગોયલ પાસે હતી. તેમને હવે કપડા મંત્રાલય સોંપવામાં આવ્યું છે.

કપડા મંત્રાલયની જવાબદારી સ્મૃતિ ઈરાની સંભાળી રહ્યા હતા અને હવે તેમને મહિલા અને બાળવિકાસ મંત્રાલય સોંપવામાં આવ્યું છે. શિક્ષણ મંત્રાલયની જવાબદારી ધર્મેન્દ્ર પ્રધાનને સોંપાઈ છે જ્યારે હરદીપ સિંહ પુરી નવા પેટ્રોલિયમ મંત્રી બન્યા છે.

ઓડિશાથી ભાજપના સાંસદ અશ્વિની વૈષ્ણવ બ્યૂરોક્રેટ (નોકરશાહ) રહી ચૂક્યા છે. તેઓ ૧૯૯૪ બેચના આઈએએસ અધિકારી હતા. અશ્વિની વૈષ્ણવે આઈએએસ અધિકારી હતા ત્યારે અનેક શાનદાર કામ કર્યા હતા. ઓડિશાના બાલાસોરમાં આવેલા સમુદ્રી તોફાન સમયે રાહત પહોંચાડવાને લઈને તેઓ ચર્ચામાં હતા. ત્યારબાદ અટલ બિહારી વાજપેયી સરકારમાં પીએમઓમાં ડેપ્યુટી સેક્રેટરી બનાવવામાં આવ્યા હતા.

# ત્રણ ડોઝવાળી નિડલ ફ્રી દેશી વેક્સિન આ મહિને જ આવશે

**નિડલ ફ્રી દેશી વેક્સિનમાં નવી ટેક્નોલોજી છે : ભારતમાં તેના ઈમર્જન્સી ઉપયોગ માટે ડીજીસીઆઈની મંજૂરી માગવામાં આવી છે : આ ડીએનએ ટેક્નોલોજી પર બની છે, તેને રૂમ ટેમ્પ્રેચર પર રાખી શકાય છે**

નવી દિલ્હી, તા.૯

ભારતમાં વધુ એક વેક્સિનનો વિકલ્પ મળી શકે છે. આ મહિના અંત સુધીમાં કે આગામી મહિનાની શરુઆતમાં ડીએનએ ટેક્નોલોજી પર બનેલી આ વેક્સિન લોન્ચ કરવામાં આવી શકે છે. અત્યાર સુધીમાં દેશમાં ઉપયોગમાં લેવાયેલા ત્રણે વેક્સિન કરતા આ એકદમ અલગ છે. સૌથી પહેલા આ ડીએનએ ટેક્નોલોજી પર બની છે, પણ ૩ ડોઝની છે, તેને રૂમ ટેમ્પ્રેચર પર રાખી શકાય છે અને તે નિડલ ફ્રી છે. તેમાં ઈન્જેકશનની જગ્યાએ જેટ ઈજેક્ટનો ઉપયોગ થાય છે. તેને દવા કંપની ઝાયડસ કેડિલાએ બનાવી છે અને તે દુનિયાની પહેલી ડીએનએ પ્લાઝ્મિડ વેક્સિન છે. ભારતમાં તેના ઈમર્જન્સી ઉપયોગ માટે ડીજીસીઆઈની મંજૂરી માગવામાં આવી છે.

નેશનલ ટેક્નિકલ એડવાઈઝરી ગ્રુપ ઓફ ઈમ્યુનાઈઝેશન (દ્ગ્છૈં)ના ચેરપર્સન ડૉક્ટર એન કે અરોરાએ જણાવ્યું કે આ પહેલી ડીએનએ વેક્સિન છે. જે આ મહિનાના અંતિમ સપ્તાહ કે ઓગસ્ટના પહેલા અઠવાડિયા સુધીમાં લોન્ચ થઈ શકે છે. ડૉક્ટર અરોરાએ કહ્યું કે ડીએનએ ટેક્નોલોજી પર પહેલી વખત વેક્સિન બનાવવામાં આવી રહી છે. જેમાં વાયરસની જીનેટિક કોડના નાના ભાગને લઈને શરીરને કોરોનાની સામે લડતા શીખવે છે. ડૉક્ટર અરોરાએ કહ્યું કે આપણા શરીરમાં કોડ આએનએ અને ડીએનએ હોય છે અને તેમાં વેક્સિન અપાય છે અને તે શરીરની અંદર જઈને વાયરસની સામે એન્ટીબોડી બને છે.

ભારતમાં હાલમાં લગાવવામાં આવી રહેલી ત્રણ વેક્સિન ડબલ ડોઝવાળી છે. પરંતુ ઝાયકોવ-ડી વેક્સિન આ બધા કરતા અલગ છે. આ ત્રણ ડોઝની છે. પહેલો ઝીરો દિવસે, બીજો ૨૮ દિવસે અને ત્રીજો ૫૬મા દિવસે આપવામાં આવશે. આ એક નિડલ ફ્રી વેક્સિન છે.

# વિશ્વમાં દર મિનિટે ૧૧ના ભૂખમરાથી મોત થાય છે

**ગરીબી પર કામ કરતા સંગઠન ઓક્સફેમનો દાવો : એક વર્ષ દરમિયાન દુનિયામાં દુકાળ જેવી સ્થિતિનો સામનો કરનારા લોકોની સંખ્યામાં ૬ ગણો વધારો થયો**

નવી દિલ્હી, તા.૯

દુનિયામાં ભૂખમરાનુ સંકટ ઘેરુ બની રહ્યુ છે અને ભોજનના



અભાવે મોતને ભેટતા લોકોની સંખ્યા વધી રહી છે. ગરીબી દુર કરવા માટે કામ કરતા સંગઠન ઓક્સફેમનો દાવો છે કે, દુનિયામાં દર ૧ મિનિટે ૧૧ વ્યક્તિના ભૂખમરાના કારણે મોત થયા છે.એક વર્ષ દરમિયાન દુનિયામાં દુકાળ જેવી સ્થિતિનો સામનો કરનારા લોકોની સંખ્યામાં ૬ ગણો વધારો થયો છે. પોતાના રિપોર્ટમાં આ સંસ્થાએ કહ્યુ છે કે, કોરોના કરતા ભૂખમરાના કારણે મરનારા લોકોની સંખ્યા વધી રહી છે.કોરોનાના કારણે દુનિયામાં દર એક મિનિટે સાત લોકોના જીવ જાય છે.જ્યારે ભૂખમરાના કારણે દર મિનિટે ૧૧ લોકો મોતને ભેટે છે.આ આંકડા હેરાન કરનારા છે પણ આપણે ભુલવુ જોઈએ નહીં કે આ આંકડા એવા લોકોના કારણે સર્જાયા છે જેઓ અકલ્પનીય દુખમાંથી પસાર થઈ રહ્યા છે. રિપોર્ટમાં કહેવાયુ છે કે, દુનિયામાં ૧૫ કરોડ લોકો ભોજનની અસલામતીના સંકટનો સામનો કરી રહ્યા છે.ગયા વર્ષ કરતા આ આંકડો બે કરોડ વધારે છે.આ પૈકીના બે તૃતિયાંશ લોકો ભૂખમરાનો શિકાર બનેલા છે અને તેનુ કારણ છે તે તેમના દેશોમાં ચાલી રહેલા સૈન્ય સંઘર્ષ. કોવિડના કારણે આર્થિક અસર, સૈન્ય સંઘર્ષ અને ક્લાઈમેટ ચેન્જના કણે ૫.૨૦ લાખથી વધારે લોકો ભૂખમરાની કગાર પર છે.

# કોઈ પણ શરત વીના ખેડૂતો વાતચીત માટે તૈયાર : ટિકૈત

**કેન્દ્ર સરકારનો તાજો પ્રસ્તાવ શરતો સાથેનો છે, કાયદા પાછા ખેંચવા પર ચર્ચા કરવાની હોય તો ખેડૂતો તૈયાર**



નવી દિલ્હી, તા.૯

કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાઓ સામે ચાલી રહેલા ખેડૂત આંદોલનને લઈને ફરી ચર્ચા શરુ થઈ છે. તાજેતરમાં કેન્દ્રના કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે નિવેદન આપ્યુ હતુ કે, સરકાર કૃષિ કાયદાઓને પાછા નહીં લે પણ આંદોલનકારી ખેડૂતો સાથે વાતચીત કરવા માટે તૈયાર છે.હવે ખેડૂત આગેવાન રાકેશ ટિકૈતે તેના પર પ્રતિક્રિયા આપતા કહ્યુ છે કે, સરકાર ભલે લાઠીનો ઉપયોગ કરે પણ જે પણ વાતચીત થશે તે કોઈ પણ જાતની શરત વગર થશે.

ભારતીય કિસાન યુનિયનના આગેવાન ટિકૈતના કહેવા પ્રમાણે સરકારનો જે લેટેસ્ટ પ્રસ્તાવ અમને મળ્યો છે તે શરતો સાથેનો છે. સરકાર વાતચીત કરવા માંગે છે પણ એવુ પણ કહી રહી છે કે,

● અનુસંધાન પાન-૭ પર

# કોરોનાના નવા કેસમાં મામૂલી ઘટાડો

**દેશમાં કોરોનાની સ્થિતિ પાછી ચિંતાજનક : છેલ્લા ૨૪ કલાકમાં નવા ૪૩ હજારથી વધુ કેસ**

નવી દિલ્હી, તા.૯

દેશમાં કોરોનાની સ્થિતિ પાછી ચિંતાજનક જોવા મળી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૪૩ હજારથી વધુ કેસ નોંધાયા છે. જ્યારે ૯૧૧ લોકોના કોરોનાથી જીવ ગયા છે. ગઈ કાલે સરકારે જાહેર કરેલા આંકડા મુજબ એક દિવસમાં કોરોનાના નવા ૪૫,૮૯૨ કેસ નોંધાયા હતા. જ્યારે ૮૧૭ લોકોના કોરોનાથી મોત થયા હતા.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૪૩,૩૯૩ કેસ નોંધાયા છે. આ સાથે દેશમાં કુલ કોરોના સંક્રમિતોનો આંકડો ૩,૦૭,૫૨,૯૫૦ પર પહોંચ્યો છે. એક દિવસમાં ૪૪,૪૫૯ દર્દીઓ કોરોનાથી રિકવર થયા છે.